# ડીસામાં વરસાદના વિરામ બાદ રાજપુર વિસ્તારમાં રોગચાળાએ માથુ ઉંચકયું

ડીસા, તા.૩૧

ડીસા શહેરમાં વરસાદના વિરામ બાદ મચ્છરનો ઉપદ્રવ સર્જાતા અનેક વિસ્તારોમાં રોગચાળાએ માથુ ઉંચકતા સરકારી હોસ્પિટલોમાં દર્દીઓનો વધારો થઈ રહ્યો છે. જેમાં શહેરમાં આઈસોલેટ વિસ્તારો જેવા કે રાજપુર, ગવાડી, રેલવે સ્ટેશન, શિવનગર, નહેરુ નગર ટેકરા, કચ્છી કોલોની જેવા વિસ્તારોમાં ઝેરી મચ્છરોના ઉપદ્રવને કારણે તાવ, મેલેરિયા અને ચિકનગુનિયા જેવા રોગોએ માથુ ઉંચકતા ઘેર ઘેર માંદગીના ખાટલા જેવી સ્થિતિ સર્જાઈ છે. જયારે શહેરના રાજપુર વિસ્તારમાં સફાઈના અભાવે સર્જાયેલ કચરાના ઢગલા અને ગંદકીના સામ્રાજય વચ્ચે ચિકનગુનિયા જેવા રોગોએ દેખા



દેતા લોકોની હાલત કફોડી બની જવા પામી છે.

ડીસા શહેરના રાજપુર વિસ્તારમાં સફાઈના નામે કાયમ નાટક ભજવાય છે. સફાઈ માટે આવતા કર્મચારીઓ સફાઈ કર્યાનો દેખાવ કરે છે. ગંદુ પાણી રસ્તામાં ભરાયેલું રહે છે રાજપુર જવાના માર્ગ નગરપાલિકાના સફાઈ કર્મીઓ કચરાના ટ્રેકટરો વ્હોળામાં ઠાલવે છે અને આજુબાજુના ભંગારીઓ પણ મોટા પાયે કચરો ઠાલવે છે. આ સ્થળે પણ ગંદા પાણીના ભરાવાને કારણે મચ્છરોનો ભારે ઉપદ્રવ છે. આ બાબતે વારંવાર તંત્રનું ધ્યાન દોરવા છતાં પાલિકાએ કોઈ પગલાં ભર્યા નથી. જયારે શહેરના રાજપુર અને લોધાવાસમાં ચિકનગુનિયા જેવા રોગે દેખા દીધી છે જેના કારણે ઘેર ઘેર માંદગીના ખાટલા મંડાયા છે. રાજપુર વિસ્તારમાં ફાટી નિકળેલ રોગચાળો જીવલેણ સાબિત થાય તે પહેલા તંત્ર યુધ્ધના ધોરણે સર્વે હાથ ધરી રોગચાળાને અટકાવવા સઘન પગલાં ભરે તેવી માંગ ઉઠવા પામી છે.

# ડીસામાં કતલખાને પશુઓ લઈ જતા જીપ ચાલકનો આંતક

ડીસા, તા. ૩૧


ડીસાના હાઈવે રોડ પર જલારામ મંદિર નજીક એક જીપ ચાલકે આંતક મચાવ્યો હતો અને શાકભાજીની એક છોટા હાથી રિક્ષા તેમજ પોલીસની ગાડીને ટક્કર મારતા પાંચ થી વધુને ઈજાઓ થયેલ છે. આ જીપ ચાલક તેના જીપ ડાલામાં સાત કુમળી વયના પાડા કતલખાને લઈ જતો હતો અને ઝડપી જવાના ભયથી તેને આંતક મચાવી પોલીસ જીપ અને શાકભાજીની રિક્ષાને અડફેટે લઈ આંતક મચાવતા ભારે અફરા તફરી ફેલાઈ હતી.

બનાસકાંઠાના ડીસામાં આજે વહેલી સવારમાં સાત કુમળી વયના પાડા કતલખાને લઈ જતા રાજસ્થાન પાસીંગના જીપ ડાલાના ચાલકે ત્યાં ઉભેલી પોલીસની ગાડી જોઈ ઝડપાઈ જવાની ભયથી તેને ભાગી જવાની કોશીસ કરી હતી. જેમાં તેજ વખતે ત્યાં થી શાકભાજી લઈ જતી છોટો હાથી રિક્ષા વચ્ચે આવતા આ ઈસમે તેને જોરદાર ટક્કર મારતા રિક્ષામાં બેસેલો ચાલક અને અન્ય પાંચ જેટલા મુસાફરો ઘાયલ થયા હતા. આ અકસ્માતમાં જીપડાલાની ટક્કર એટલી જોરદાર હતી કે રિક્ષાના આગળનો ભાગ ભૂકો થયો હતો અને આગળના બે ટાયર તુટી અલગ થયા હતા. આ જોઈ પોલીસે તેને અટકાવવા પોતાની ગાડી આડી કરતા આ જીપચાલકે પોલીસની ગાડીને પણ ટક્કર મારી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. તેના આ જીવલેણ પ્રયાસમાં તેની જીપની ટક્કરે પાંચ



જેટલા માણસો ગંભીર રીતે ઘવાયા છે. આ અકસ્માતની જાણ થતાં પોલીસ દોડી આવી હતી અને ઘાયલોને સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડેલ છે જેમાં બે ની હાલત ગંભીર બનતા તેમને વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડેલ છે. આ અકસ્માતથી લોકોમાં રોષ જોવા મળ્યો છે. આ બાબતે તીખી પ્રતિક્રિયા આપતા જીવદયાપ્રેમી અશોકભાઈ ખત્રીએ જણાવેલ કે ડીસા પંથકમાં રોજની ૫૦ જેટલા વાહનોમાં અબોલ પશુ કતલખાને ખસેડાય છે. પવિત્ર શ્રાવણ માસમાં પણ આ ગેરકાયદેસરનો વેપાર ધમધમી રહ્યો છે અને પશુઓની હેરાફેરી અને કત્લેઆમ થઈ રહી છે જે અટકાવવી જોઈએ તેવું જણાવ્યું હતું. જો કે ઘટના સ્થળે પોલીસવાન અને છોટા હાથી રિક્ષાને ટક્કર મારી સાત પાડા ભરેલી જીપડાલુ મુકી આરોપી રફુચક્કર થઈ ગયો હતો. જે બાદ પોલીસે હાઈવે રોડ ખુલ્લો કરાવી ઘાયલોને સારવારની વ્યવસ્થા કરી હતી. આ મામલે સરકાર તરફે હેડ કોન્સ્ટેબલ ભરતભાઈ જગમાલભાઈએ ડીસા ઉત્તર પોલીસમાં ભાગેડુ જીપડાલા ચાલક વિરૂદ્ધ આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તેમજ એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૯૨ તેમજ પશુ ક્રૂરતા અધિનિયમ મુજબ ફરિયાદ દાખલ કરેલ છે જેની વધુ તપાસ સોમભાઈ કિશોરભાઈ ચલાવી રહ્યા છે.

## શબ્દાવલી - ૫૧૬૩



### આડી ચાવી

૧. મહાભારતમાં આવતા કૌરવ સિવાયના ૧૦૦ ભાઈઓ (૩)
૩. બારેમાસ જેના પર ફુલ આવે તે છોડ (૪)
૫. ચોર, લુંટારા (૩)
૭. 'ડચ' જેવો મોંથી કરાતો અવાજ (૪)
૯. પગના તળીયે કણી જેવું થાય તે (૩)
૧૧. 'બાણ' શબ્દ ઊંધો (૨)
૧૨. એક મોટું જંતુ, ખેખડો (૪)
૧૪. ગોયણા (૨)
૧૭. સાધના (૨)
૧૯. એક પછી એક ક્રમ પ્રમાણે (૫)
૨૧. ગંદકીથી મચ્છરો-જંતુઓ થાય અને તેમાંથી... ફાટી નીકળે (૪)
૨૨. ગાંધીજીને જુવાન... નું બિરૂદ મળેલું (૩)

### ઊભી ચાવી

૧. કાદવ (૩)
૨. હંમેશા ખિસ્સા ખાલી હોય તેવું (૬)
૩. એક ડઝન (૨)
૪. પ્રણાલી, રીત (૪)
૬. ૮૪ લાખ યોનીનો... બધાએ કરવો જ પડે (૨)
૮. ચકલીને..., હાથીને મણ (૨)
૯. વેરો, ટેક્ષ (૨)
૧૦. હજમ (૩)
૧૩. કબુતર વગેરેને ચણવાની જગ્યા બનાવે તે (૪)
૧૫. સાપનું ઘર (૩)
૧૬. ખંતથી કામ કરનારો (૩)
૧૮. શરીરનું અંગ જે ચાલવાનું કામ કરે તે (૨)
૧૯. પગમાંથી તારની કળવાનો એક રોગ (૨)
૨૦. પ્રવાહી (૨)

## શબ્દાવલી ૫૧૬૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) શિલાલેખ (૪) રાખડી (૭) જીરાફ (૯) ડીલ (૧૦) મબલક (૧૩) કલહ (૧૫) શહાદત (૧૭) રવ (૧૮) યમ (૧૯) પવન (૨૧) પર્વ (૨૩) ખાદીમ (૨૪) તરખાટ

**ઊભી ચાવી :-** (૧) શિયળ (૨) લેજીમ (૩) ખરાબ (૫) ખડી (૬) ડીલર (૮) ફલક (૧૧) કલરવ (૧૨) સહાય (૧૪) હવન (૧૬) દમ (૧૯) પર્વત (૨૦) શિખા (૨૨) ચાટ

## 'ગણેશોત્સવ'ની ટેલેન્ટ ઈવનીંગનું આજે ઓડીશન

ગાંધીનગર, તા.૩૧

સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ડાન્સ ગીતો માટે ટેલેન્ટ ઈવનીંગ ૨૦૧૩ યોજાશે. આ ટેલેન્ટ ઈવનીંગમાં સમસ્ત બ્રહ્મસમાજના બાળકો તેમજ બાળકોના વાલીઓ પણ ભાગ લઈ શકશે. આ ટેલેન્ટ ઈવેન્ટ માટે ઓડીશન આવતીકાલે તા. ૧લી સપ્ટેમ્બરના રોજ બ્રહ્મભવન સે-૧૬ ખાતે યોજાશે તેથી આ ઈવેન્ટમાં ભાગ લેવા ઈચ્છતા કલાકારોએ આવતીકાલે બપોરે ૧.૩૦ કલાક પહેલા હાજર રહેવા બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલે જણાવ્યું છે.

## વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર દ્વારા આજે સત્સંગ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૩૧

પૂ. રમેશભાઈ ઓઝા પ્રેરિત વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર દ્વારા સત્સંગ સંકીર્તન કાર્યક્રમનું આયોજન આવતીકાલે તા. ૧લી સપ્ટેમ્બરના રોજ સાંજે ૫ વાગે સે-૨-એ, પ્લોટ નં. ૪/૨, નિરંજનભાઈ ઓઝાના નિવાસસ્થાને કરવામાં આવ્યું છે.

## શિવ મહાપુરાણ કથાનું આયોજન

ગાંધીનગર, તા.૩૧

શ્રી સંજયભારતી બાપુની વ્યાસપીઠે શિવ મહાપુરાણ કથાનું આયોજન આગામી તા. ૩ થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન દરરોજ બપોરે ૨.૩૦ કલાકથી, સે-૨-સી કોમનચોક ખાતે કરવામાં આવ્યું છે. શિવકથાનું રસપાન કરવા ઈચ્છતા ભાવિકોને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જન્માષ્ટમી નિમિત્તે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિ દ્વારા જન્માષ્ટમીના રોજ મેળા દરમિયાન પંચદેવ મંદિર, સેકટર-૨૨, ગાંધીનગર ખાતે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સમિતિ દ્વારા ૨૫૦૦૦ પ્રચાર પત્રિકાઓનું વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સમિતિના ૯ હોદ્દેદારોએ હાજરી આપેલ હતી. તેમજ જન્માષ્ટમીના મેળામાં આવેલ ગાંધીનગર શહેર અને જિલ્લાના લોકોને ગ્રાહક જાગૃતિ અંગે વિસ્તારપૂર્વક માર્ગદર્શન અને સમજ આપવામાં આવેલ.





ખેડબ્રહ્મા શહેરમાં સરદાર ચોકમાં આવેલ બેંક ઓફ ઈન્ડીયામાં આજરોજ સવારના સુમારે શોર્ટસર્કીટના કારણે આગ લાગી હતી. બેંકના કર્મચારીઓ દ્વારા ફાયરબ્રિગેડને જાણ કરતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ફાયર બ્રિગેડે આગ પર કાબુ મેળવી લીધો હતો. આગના ગોટેગોટા નીકળતા આસપાસના વેપારી તેમજ રહીશોના ટોળા આગ જોવા ઉમટી પડ્યા હતા. આગમાં કોઈ નુકશાન ન થયાનું જાણવા મળ્યું છે. (રમેશ વૈષ્ણવ)

# ખેડબ્રહ્મામાં ચેઈન સ્નેચરોનો તરખાટ

## છેલ્લા ત્રણ માસમાં સાત સોનાની ચેઈન ખેંચાતા મહિલાઓ ભયભીત : પોલીસની ઉંઘ હરામ

ખેડબ્રહ્મા, તા. ૩૧

ખેડબ્રહ્મા શહેરમાં ચેઈન સ્નેચરો બેફામ બનતા પોલીસની ચિંતામાં પણ વધારો થયો છે. ચેઈન સ્નેચરોને જાણે પોલીસનો ડર જ ના રહ્યો હોય તેમ એક પછી એક ગુનાને અંજામ આપી પોલીસના ગાલે તમાચો મારી રહ્યા છે. ત્યારે ગતરોજ જલારામ મંદિર પાસેથી એક મહિલાની ચેઈન ખેંચાતા શહેરની મહિલાઓ ભયભીત બની છે. વેપારી મંડળના પ્રમુખે ડી.એસ.પી.ને રજુઆત કરી હતી. છતાં પણ કોઈ ફરક ન પડતા લોકોમાં પોલીસ પ્રત્યે રોષ ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ખેડબ્રહ્મા શહેરમાં ગતરોજ સાંજના સુમારે નીરૂબેન પ્રમોદભાઈ સોની તેમની જેઠાણી સાથે જલારામ મંદિરે દર્શન કરી રોડ ઉપરથી પસાર થતા હતા તે દરમિયાન પલ્સર બાઈક ઉપર આવેલા ચેઈન સ્નેચરોએ મહિલાના ગળામાંથી ચેઈન ખેંચી પલાયન થઈ ગયા હતા. શહેરમાં લક્ષ્મીપુરા રોડ, સિવિલ રોડ, દેનાબેંક પાસે તાલુકા પંચાયત પાસે, શાકમાર્કેટ, ગાયત્રી મંદિર પાસેની ગલીમાં તેમજ જલારામ મંદિર પાસે એમ ચેઈન સ્નેચીંગના સાત બનાવ બનવા પામ્યા છે. ચેઈન સ્નેચરો નંબર વગરની પલ્સર પર આવી ચેઈન તોડી આતંક મચાવી પલાયન થઈ જાય છે. આ અંગે વેપારી મંડળના પ્રમુખ નારણભાઈ બારોટે પોલીસ તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરી હોવા છતાં નક્કર પરિણામ આવ્યું નથી. ચેઈન સ્નેચરોના ત્રાસથી મહિલાઓ ઘરમાંથી નીકળવા પણ ખચકાટ અનુભવે છે. પોલીસ તંત્ર દ્વારા ચેઈન સ્નેચરોને જલદી ઝડપી પાડવામાં આવે તેવી લોકોની માંગણી છે.

# કર્મચારીઓની હાજરી અંગે અન્ય વિભાગના અધિકારીઓ દ્વારા ક્રોસ ચેકીંગ કરાશે

ગાંધીનગર, તા. ૩૧

સચિવાલયના વિભાગોમાં કર્મચારીઓની હાજરી નિયમિત કરવા માટે હવે અન્ય વિભાગના નાયબ સચિવોને અન્ય વિભાગોમાં આકસ્મિક ક્રોસ ચેકિંગ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સચિવાલયના વિભાગોમાં ફરજ બજાવતા અધિકારીઓ કર્મચારીઓની હાજરી નિયમિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વિભાગોના મુખ્ય પ્રવેશ દ્વાર પર એક્સલોરા મશીન લગાવવામાં આવ્યા છે. જ્યાં કર્મચારીઓએ તેમના કાર્ડ પંચ કરવાના હોય છે. જેથી કર્મચારી કેટલા વાગ્યે આવ્યા કેટલા વાગ્યે ગયા તેની ડેટા એન્ટ્રી થાય છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઈલેક્ટ્રોનીક પ્રવેશ પ્રથા દાખલ કરવામાં આવ્યા બાદ કર્મચારીઓની હાજરી અંગેની એક સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. જે દરમ્યાન રાજ્ય સરકારના ધ્યાન પર એવું આવ્યું હતું કે કેટલાક કર્મચારીઓ કચેરી સમય કરતાં મોડા આવે છે. તો કેટલાક કર્મચારીઓ કચેરી છોડવાના સમય કરતાં વહેલા ઘરે જતા રહે છે.

થોડા સમય અગાઉ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સરકાર સમક્ષ કર્મચારીઓની હાજરી અંગેનું એક પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું. જેમાં એવું જણાવવામાં આવ્યું હતું કે સવારે કચેરી સમય કરતાં મોડા આવતા કિસ્સાઓની સંખ્યા ૧૧ ટકા જેટલી છે. કુલ ૧૦ જેટલા વિભાગોમાં આવા કિસ્સાઓ ધ્યાન પર આવવા પામ્યા હતા. કર્મચારીઓની મેન્યુઅલી હાજરીની ચકાસણી માટે જે તે વિભાગના નાયબ સચિવોને અગાઉ જવાબદારીઓ સોંપવામાં આવી હતી. આ પ્રથામાં ફેરફાર કરીને હવે રાજ્ય સરકારે એક વિભાગના નાયબ સચિવને અન્ય વિભાગમાં આકસ્મિક ચેકીંગ કરવા માટેની નવી પ્રથા દાખલ કરતાં આજથી સચિવાલયના વિભાગોમાં આ પ્રથા શરૂ થવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ આજે દિવસ દરમ્યાન કેટલાક વિભાગોના નાયબ સચિવ કક્ષાના અધિકારીઓએ અન્ય વિભાગમાં જઈને કર્મચારીઓની હાજરી અંગે આકસ્મિક ચેકીંગ કર્યું હોવાનું જાણવા મળે છે. સામાન્ય વહીવટ વિભાગ વાળા બ્લોકના ભોંયતળીયે કેમેરો લગાવવામાં આવ્યો છે જેથી જે કર્મચારી પોતાનું પંચીંગ કાર્ડ પેચ કરે તે ફોટા સાથે એન્ટ્રી થઈ જાય.

## પ્રાંતિજમાં ચાલીયા સાહેબ ઝુલેલાલ ભગવાનનો વરઘોડો કાઢવામાં આવ્યો

પ્રાંતિજ, તા. ૩૧

પ્રાંતિજ શહેરમાં આવેલ ઉડીકુડી વિસ્તારમાં સિંધી સમાજના મંદિર ખાતેથી ચાલીયા સાહેબ ઝુલેલાલ ભગવાનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં સિંધી સમાજના ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

મળતી વિગત મુજબ પ્રાંતિજ શહેરમાં વસવાટ કરતાં સિંધી સમાજના બાઈ બહેનો દ્વારા ચાલીસ દિવસના ઉપવાસ પવિત્ર શ્રાવણ માસમાં કરવામાં આવે છે. અને છેલ્લા દિવસે સિંધી સમાજના મંદિરે બધા એકઠા થઈને ભગવાન ઝુલેલાલનો વરઘોડો સમાજના ભાઈ બહેનો દ્વારા નીકળવામાં આવે છે. ઉડીકુડી મંદિરેથી બજારચોક, હજામચોરા, ભાંખરીયા, બસ સ્ટેન્ડથી નાની ભાગોળ થઈ માર્કેશ્વર મહાદેવ મંદિર સુધી વરઘોડો નીકાળવામાં આવ્યો હતો અને મહાદેવ મંદિર ખાતે પધરામણી કરવામાં આવી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ સમાજના ભાઈ બહેનો ઉપસ્થિત રહી ભગવાન ઝુલેલાલના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે સિંધી સમાજના અગ્રણી ધરમદાસ ટેકવાણી, રતિભાઈ ટેકવાણી, પ્રમુખ રાજુભાઈ, ઉપપ્રમુખ જમનાદાસ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ પ્રસાદ લઈ સૌ છુટા પડ્યા હતા.

## નગરના પ્રાણપ્રશ્નો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જે કામગીરી ચાલુ છે તેમાં આ ગામોને સમાવી લઈ તાત્કાલિક ગામતળ સહિતના પ્રશ્નોનો ઉકેલ આવે તે જોવા પણ જણાવાયું છે.

આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં ગટરની વ્યવસ્થાના જે કામો અધુરા છે અને કેટલાક ગામોમાં જે પ્રશ્નો ગટરલાઈનો ઉભરાવાના છે તેનો પણ એક માસમાં નિકાલ કરવાની કડક તાકીદ કલેક્ટરશ્રીએ કરી છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નોને લઈ કોંગ્રેસે યોજેલી રેલી બાદ સફાળા જાગેલા તંત્રએ હવે આ વિસ્તારોમાં ધ્યાન કેન્દ્રીત કર્યું છે. આજની બેઠકમાં આ વિસ્તારમાં રસ્તાના કામોનું આયોજન પણ ઝડપથી કરવા ઉપરાંત પાણીનો પુરવઠો નિયમિત મળે તેમજ વરસાદી પાણી સહિત પાણીના નિકાલની સમસ્યાઓને અગ્રતા આપવા માટે કડક તાકીદ કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેરના પ્રશ્નો અંગે પ્રભારી સચિવ બાદ જિલ્લા કલેક્ટરશ્રીએ પણ બે દિવસના ટુંકા ગાળામાં જ બીજી બેઠક યોજતાં નગરજનોમાં અનેકવિધ તર્કવિતર્ક ઉભા થવા પામ્યા છે.

## બંધ આવાસોના વીજબીલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. શહેરમાં હાલની સ્થિતિએ ૧૮૦૦ જેટલા મકાનો સદંતર બંધ હાલતમાં છે. જયારે આ બંધ મકાનોના વિજ જોડાણ અન્વયે દર બે મહિને રૂ. ૧.૧૦ લાખનું વીજબીલ ચુકવવું પડે છે. બંધ મકાનોના વાર્ષિક વીજબીલ પેટે સરકારે પ્રતિ વર્ષ રૂ. ૬.૪૮ લાખનો ખર્ચ કરવો પડે છે. જયારે સરકારી આવાસોનો કબજો પરત કરતી વેળાએ વીજબીલ ન ચુકવાતું હોય તેવા કિસ્સા પણ બનતા હોવાથી ટોરેન્ટ પાવર દ્વારા આવા કેસમાં આવા જોડાણ કાપી નાંખવામાં આવે છે. આવા ૧૫૦ જેટલા કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે.

## બિલોમાં ભારે છબરડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાબતે ગંભીર ભુલો અને ક્ષતીઓ નગરજનોની ફરીયાદોને આધારે દેખાઈ રહી છે. નગરજનોની ફરિયાદ અને અરજી પણ સ્વીકારવામાં આવતી નથી, તેમજ એક પબ્લીક રીલેશન ઓફિસર (પી.આર.ઓ.) ની તાત્કાલિક યોગ્ય વ્યવસ્થા કરવા આપને ધ્યાન દોરૂ છુ. તેમજ માર્ગદર્શીકા પણ નથી. નગરજનો પારાવાર મુશ્કેલી ભોગવી રહ્યા છે. ફૂડ સેફટી રજીસ્ટ્રેશન, હેલ્થ લાઈસન્સ, શોપ રજીસ્ટ્રેશન વગેરે બાબતે મુશ્કેલી અનુભવે છે. આ બાબતે યોગ્ય કરવા ધ્યાન દોરૂ છું.

## અરવલ્લિ જિલ્લામાં મેડિકલ કોલેજ આપવા રજુઆત થશે

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ મોડાસા વિભાગના મેઘરજ, માલપુર, ધનસુરા, ભિલોડા, બાયડના છ તાલુકાના સમાવેસ કરી વર્ષો જુની માંગણી સ્વિકારી અરવલ્લિ જિલ્લો આપતાં તમામ તાલુકાની પ્રજામાં આનંદની લાગણી ફેલાઈ છે. સાબરકાંઠા જિલ્લામાં મોડાસા શિક્ષણ ક્ષેત્રે આગળ છે. અરવલ્લિ જિલ્લામાં એક મેડિકલ કોલેજ આપવામાં આવે તેવી પ્રજાની લાગણી અને માગણી છે. આ માટે જરૂરી જગ્યા આપવાની તૈયારી છે. ધારાસભ્ય દ્વારા પણ જોરદાર રજુઆત કરવામાં આવે તેવી પ્રજાની માંગ છે. અરવલ્લિ જિલ્લાના સત્તાધારી પક્ષના નેતાો અને કાર્યકરો પણ રજુઆત કરે તેમ પ્રજા ઈચ્છે છે.

## ટેટ-૨ની પરીક્ષા લેવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટેટ-૨ની પરીક્ષા યોજવામાં આવનાર છે. જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પરીક્ષાલક્ષી જરૂરી પૂર્વ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. જિલ્લામાંથી ૬૯૦૫ શિક્ષકો આ પરીક્ષા આપશે. વિવિધ ભાષા સહીત અન્ય વિષયની પરીક્ષાઓ સંદર્ભે જિલ્લામાં ૨૫ કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે અંગ્રેજી, ગુજરાતી, હિન્દી તેમજ સંસ્કૃત વિષયની ૪૨૧૭ પરીક્ષાર્થીઓ કસોટી આપશે. ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની પરીક્ષામાં સામાજિક વિજ્ઞાન વિષયની પરીક્ષામાં ૨૦૮૫ તેમજ ગણિત-વિજ્ઞાન વિષયની ૬૦૩ શિક્ષકો પરીક્ષા આપશે. જિલ્લામાં વિવિધ ૨૫ જગ્યાએથી લેવાનારી પરીક્ષાને અનુલક્ષી તંત્ર દ્વારા સ્કોવોર્ડ ટીમની પણ રચના કરવામાં આવી છે. પરીક્ષાનો સમય સવારે ૧૧ થી ૧ કલાકનો રહેશે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે દરેક કેન્દ્રો પર સ્કોવોર્ડ રાઉન્ડ લેશે જયારે પ્રત્યેક કેન્દ્ર માટે ઓબ્ઝર્વર પણ નિમવામાં આવ્યા છે.


**સરદાર સરોવર નર્મદા નિગમ લી.**

(ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીનું સાહસ)

અધિક્ષક ઈજનેરશ્રી, નર્મદા યોજના આલેખન વર્તુળ, બ્લોક નં. ૧૨/૪, નવા સચિવાલય, ગાંધીનગર

નીચે જણાવેલ ઓફીસ સ્ટેશનરી, કોમ્પ્યુટર સ્ટેશનરી અને ડ્રોઈંગ સ્ટેશનરી તા. ૩૧/૩/૨૦૧૪ સુધી પુરી પાડવાના ભાવો રજી. પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી માંગવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | ૧. અંદાજીત કિંમત ૨. ડીપોઝીટ ૩. ટેન્ડર ફી | ૧ કોરા ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તા. / ૨ ભરેલા ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ | નોંધ |
|---|---|---|---|---|
| ૧. | ઓફીસ સ્ટેશનરી અને કોમ્પ્યુટર સ્ટેશનરી | ૧. રૂ. ૬,૨૬,૬૪૦/- ૨. રૂ. ૩૧૦૦૦/- ૩. રૂ. ૧૦૦૦/- | ૧. તા. ૧૦/૯/૧૩ ૨. તા. ૧૭/૯/૧૩ | કચેરીનો સમયપુરો થાય ત્યાં સુધી |
| ૨. | ડ્રોઈંગ સ્ટેશનરી | ૧. રૂ. ૧,૪૮,૩૮૦/- ૨. રૂ. ૭૫૦૦/- ૩. રૂ. ૪૦૦/- | ૧. તા. ૧૦/૯/૧૩ ૨. તા. ૧૭/૯/૧૩ | કચેરીનો સમયપુરો થાય ત્યાં સુધી |

વધુ વિગતો માટે આ કચેરીનો ફોન નં. ૨૩૨૫૨૪૨૯ ઉપર સંપર્ક સાધવા વિનંતી છે.

અધિક્ષક ઈજનેર
નર્મદા યોજના આલેખન વર્તુળ
ગાંધીનગર

માહિતી/૧૧૦૬/૧૩-૧૪



**જાહેર હરાજી**

**કંડમ કરવામાં આવેલ કોમ્પ્યુટર હાર્ડવેર, ઈલેક્ટ્રીક સાધન સામગ્રી, વાહન જુના ટાયર-ટ્યુબ, ખસટટ્ટી, પરચૂરણ તમામ પ્રકારનો ભંગારના નિકાલ માટે જાહેર હરાજી**

કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર હસ્તકના નીચે જણાવ્યા પ્રમાણે રદબાતલ થયેલ કચેરીની ડેડસ્ટોક આઈટેમોની જાહેર હરાજી તા. ૨૫/૯/૨૦૧૩ - કલાકે ૧૨-૦૦ (બપોરે) વાગે, ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૭/૧, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. રસ ધરાવતા ઈસમોએ હરાજીમાં ભાગ લેવા હાજર રહેવું.

| અ.નં. | આઈટમનું નામ | આઈટમની વિગત |
|---|---|---|
| ૧. | કોમ્પ્યુટર હાર્ડવેર અને સંલગ્ન સાધન સામગ્રી | કોમ્પ્યુટર સીસ્ટીમ, પ્રિન્ટર, મોડેમ, ડીવીડી રાઈટર, સ્કેનર વિગેરે સામગ્રી |
| ૨ | ઈલેક્ટ્રીક સાધન સામગ્રી | એકવા ગાર્ડ, વેક્યુમ ક્લીનર |
| ૩. | વાહનના ટાયર-ટ્યૂબ | બિન વપરાશી અને બિન ઉપયોગી |
| ૪. | પરચુરણ તેમજ અન્ય તમામ પ્રકારનો ભંગાર | પ્લાસ્ટીક, લોખંડ, ઈલેકટ્રીક, જુના બગડી ગયેલા સ્પેર પાર્ટસ, તેમજ અન્ય તમામ પ્રકારની પરચુરણ સામગ્રી, બિન ઉપયોગી અને બિન વપરાશી કંઝુએબલ આઈટેમનો ભંગાર, બિન ઉપયોગી લાકડાના પાર્ટીશન અને એલ્યુમિનિયમ સેક્શન વિગેરે. |

અ.નં.૧ થી ૫માં દર્શાવેલ આઈટમોની હરાજીથી ખરીદી કરવા ઈચ્છતા ઈસમોએ કચેરીના ચાલુ સમય હરાજીના દિવસે કલાક ૧૨.૩૦ થી ૧૩.૩૦ કલાક સુધી કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી, ગાંધીનગર, ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૭/૧, ભોંયતળિયે રૂબરૂમાં જોઈ શકશે. તેમજ કચેરીના નોટીસબોર્ડ ઉપર હરાજીની વિગતવાર આઈટેમની યાદી જોવા મળશે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ રૂ. ૫,૦૦૦/- હરાજીમાં ભાગ લેવા અગાઉ (પરત મળવાપાત્ર) ડીપોઝીટ પેટે હરાજીના દિવસે ક. ૧૨.૦૦ સુધીમાં જમા કરાવવાના રહેશે.

હરાજીની અન્ય શરતો અને બોલીઓ હરાજીના સમયે હરાજી શરૂ કરતાં પહેલા જણાવવામાં આવશે.

સહી/-
**(કે. એન. પટેલ)**
**સંયુક્ત નિયામક (વહીવટ)**
**કુટીર અને ગ્રામોદ્યોગ**

માહિતી/૧૧૦૩/૧૩-૧૪



**જાહેર સુચના**

**પાટનગર યોજના વિભાગ નં.૧, ગાંધીનગર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૧, પ્રથમ માળ, બી-બ્લોક, પાટનગર યોજના ભવન, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૨૫૫)ની કચેરીએથી ગાંધીનગર શહેરમાં (૧) સેક્ટર નં.૧૧ ખાતે ચ-૩ પાસેનું ખુણા પરની ખુલ્લી જમીન (૨) સેક્ટર નં. ૧૧ શાલીન કોમ્પલેક્ષ સામેની ખુલ્લી જમીન (૩) સેક્ટર નં. ૧૭, ગુલાબ ઉદ્યાન પાસેની ખુલ્લી જમીન (૪) સેક્ટર-૬ડીમાં પેટ્રોલ પંપ પાસેની ખુલ્લી જમીન નવરાત્રી મહોત્સવ-૨૦૧૩ માટે ટૂંકી મુદતથી સરકારશ્રી નક્કી કરે તે મુજબના નિયત ભાડાથી આપવા માટે ગાંધીનગરમાં નોંધાયેલ અને રહેતા રસ ધરાવતી સંસ્થાઓ / અરજદારો પાસેથી તા. ૬/૯/૨૦૧૩ સુધીમાં અત્રેની કચેરીએ મળી જાય તે રીતે રજી. પો.એ.ડી.થી અરજીઓ મંગાવવામાં આવે છે. સદર અરજીના કવર પર જે સ્થળની જમીન માંગવામાં આવેલ હોય તેનું "સે. ...............ના મેદાનની નવરાત્રી મહોત્સવ-૨૦૧૩ની અરજી" એમ સ્પષ્ટપણે દર્શાવવાનું રહેશે. શક્ય હશે તો આવેલ અરજીઓ તા. ૭/૯/૨૦૧૩ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે અત્રેની કચેરી ખાતે ખોલવામાં આવશે.

અરજદાર સંસ્થા / વ્યક્તિએ બાનાની રકમ રૂ. ૨૫,૦૦૦.૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)ની કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં. ૧, ગાંધીનગરના નામની રાષ્ટ્રીયકૃત બેંકની એફ.ડી.આર. અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. બાનાની રકમ (એફ.ડી.આર.) સિવાયની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

ઉપર દર્શાવેલ સ્થળનો વિસ્તાર તેમજ નિયમોની વિગતો કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. એક વ્યક્તિ / સંસ્થા કોઈપણ એક જ સ્થળ માટે અરજી કરી શકશે. એક જ સ્થળ માટે એક કરતાં વધુ અરજીઓ આવશે તો ડ્રો પદ્ધતિથી તેની ફાળવણી કરવામાં આવશે. તો રસ ધરાવતા ગાંધીનગર શહેરના જ અરજદારો / સંસ્થાઓએ કચેરીના ચાલુ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન રૂબરૂમાં સંપર્ક કરવા વિનંતી.

**માહિતી/૧૧૧૩/૧૩-૧૪**